


## સલામી સવારની..

વધારી ઊંચાઈ, સરદારની કીર્તિ વટાવે છે,
ભાંગે ધર્મ-જાતિની વિકાસની માળા સટાવે છે.
હટાવે ધ્યાન દુઃખોથી 'અચ્છે દિન' ના બતાવે સ્વપ્નાં -
ફેરવી ચૂંખો વચનોનો હાથ પ્રજાને પટાવે છે...
(સરકારી પટેલોનું 'જય સરદાર')

### હાઈકુ

| | |
|---|---|
| રમતો મંત્ર | ડૂબતી નાવે |
| રટે 'પંચ' પોપટ | કરે છે નાસભાગ |
| મર્યા ખાઈને.. | સ્વાર્થી ઉંદરો.. |
| (રાજ્ય ચૂંટણીપંચને ન્યાયકોર્ટના ઠપકા) | (ભાજપી કાર્યકરોનાં સમૂહ પક્ષપલટા) |

## ચિંતન

**સુસિદ્ધમૌષધં ધર્મં ગૃહછિદ્રં ચ મૈથુનમ્ ।**
**કુભુક્તં કુશ્રુતં ચૈવ મતિમાન્ન પ્રકાશયેત ॥**

બુદ્ધિશાળી-ચતુર વ્યક્તિએ પોતે શોધેલી સિદ્ધ કરેલી દવા-ઔષધીની બનાવટ-રીત ગુપ્ત રાખવી જોઈએ, પોતે કરેલી અંગત ધાર્મિક સાધના-મંત્ર-ઉપાસનાની પણ જાહેર ચર્ચા ન કરવી જોઈએ. ખાનગી રાખવું જોઈએ. પોતાના ઘર-પરિવારમાં પણ સભ્યોની રીતભાત-ટેવો-ખરાબ સ્વભાવને કારણે જે છિદ્રો-દોષ હોય તેની જાહેરમાં ચર્ચા ન કરવી - ખાનગી રાખવા. પોતે કરેલા અનેક ભોગ- વિલાસ - સ્ત્રી સંગ - મૈથુન પણ ખાનગી રાખવાં. પોતે કરેલાં અખાદ્ય ભોજન ગુપ્ત રાખવાં - એટલે કે શું ખાધું-પીધું તેની જાહેરાત ન કરાય. વળી પોતે કોઈ વડીલ-સંત કે કુટુંબીની જે નિંદા-ગુપ્તવાત સાંભળી હોય તેની પણ જાહેરાત કરી ઢંઢેરા ન પીટાય, ગુપ્ત રાખવી.

આમ, ચાણક્ય નીતિમાં બુદ્ધિમાન વ્યક્તિએ કઈ-કઈ બાબતો ગુપ્ત રાખવી એની ચર્ચા કરી છે.

## સુવિચાર

- 'સત્ય' હંમેશા 'પરેશાન' જ હોય છે, પરંતુ સૌથી મહત્ત્વપૂર્ણ એ છે કે તે ક્યારેય 'પરાજય' પામતું નથી - **જનકલ્યાણ**
- જીવનમાં એ ન વિચારો કે 'કેટલું મળવું જોઈએ' એ નક્કી કરો કે 'કેટલું જોઈએ' - **એસ. ભટ્ટાચાર્ય**
- મુસીબતના વમળમાંથી કુદરત એને જ તારે છે... જે માણસ ભૂલી પોતાનું, બીજાનું વિચારે છે - **જ્વલન માતરી**
- બીજાઓ સાથે ધીરજ રાખવી એ 'પ્રેમ છે', સ્વયં સાથે ધીરજ રાખવી એ 'આશા' છે અને ભગવાન સાથે ધીરજ રાખવી એ 'શ્રદ્ધા' છે - **જ્ઞાનસૂત્ર**
- ઉત્તમ વિચાર પણ કોઈ જ કામનો નથી, જો તમે તેના પર કોઈ ઠોસ વિચાર ન કરો તો... - **ફાધર વર્ગીસ**

(સંકલન : દીપક વી. આસરા)

## બોધકથા

આપત્તિના સમયમાં આત્મ વિશ્વાસ-શ્રદ્ધા ગુમાવ્યા વિના-પરિશ્રમ અને પુરુષાર્થમાં લાગી રહેવું જોઈએ. ફરી સફળતાનાં શિખરે પહોંચી શકાય છે.

સ્કોટલેન્ડનો મોટો ઉદ્યોગપતિ-રોબર્ટ ઈન્નિસનને વેપારમાં મોટી ખોટ ગઈ. ગુજરાન ચલાવવાના પણ વાંધા પડે એમ હતું. પ્રખ્યાત વેપારી હોવાથી એને કોઈ નાનાં કામ માટે 'નોકરી' એ પણ રાખતું ન હતું.

અંતે એક ગામડાંનો જમીનદાર, જે ઈન્નિસનને ઓળખતો ન હતો. તેણે પોતાના ફાર્મની 'ચોકીદારી' માટે રાખી લીધો.

કેટલાય સમય પછી, જમીનદારને મળવા શહેરમાંથી એક સજ્જન આવ્યા. એ ઈન્નિસનને ઓળખી ગયા. જમીનદારને બધી વાત કરી.

જમીનદારે ઈન્નિસનની માફી માગી. ઈન્નિસને કહ્યું, હું તો તમારો આભારી છું કે તમે મને કામ આપ્યું. હું ફરી મહેનતથી સફળતા પ્રાપ્ત કરીશ. જમીનદારે તરત તેને ભાગીદાર બનાવ્યો અને તેનાં બુદ્ધિ-કૌશલ્યથી બંને શ્રેષ્ઠ વેપારી સાબિત થયા.

# હિંદુત્વનો મુદ્દો હાવી થઈ રહ્યો છે

## તંત્રીસ્થાનેથી....

કેરાલા હાઉસના રસોડે બીફ પીરસાતું હોવાની ફરિયાદ મળતાંની સાથે દિલ્હીના અતિ ઉત્સાહી પોલીસ કમિશનરે કાફલો રવાના કરી દીધો એથી જે કાચું કપાઈ ગયું એની ભરપાઈ કરવા એ ફરિયાદ કરનાર હિંદુ સેનાના વિષ્ણુ ગુપ્તાની ધરપકડ કરવી પડી છે. જો કે બૂંદ સે ગઈ સો હૌજ સે નહીં આતી - એ કહેવત મુજબ કેન્દ્ર સરકાર સંઘીય વ્યવસ્થા મુજબ રાજયોમાં અધિકારોનું અતિક્રમણ કરી રહી હોવાનું તો પ્રસ્થાપિત થઈ જ ગયું છે. કેરળના કોંગ્રેસી મુખ્યમંત્રી ઓમાન ચાંડીએ કેરાલા હાઉસમાં રેડ પાડવાના દિલ્હી પોલીસના પગલા સામે સખત વાંધો ઉઠાવતો પત્ર પાઠવી વડાપ્રધાનને ટપાર્યા છે, તો બીજી તરફ કેરળના સાંસદોએ કેન્દ્ર સરકારના ઈશારે સંઘીય ઢાંચાની ઐસી કી તૈસી કરનાર દિલ્હી પોલીસ વિરુદ્ધ હોબાળો મચાવ્યો છે. દિલ્હીની કેજરીવાલ સરકાર આવી તક જવા દે ખરી? એમણે પણ દિલ્હી પોલીસની જોહુકમી સામે બળાપો કાઢ્યો છે. પરંતુ કેરાલા હાઉસના રસોડે બીફ રંધાતું હોવાની અફવાથી બિહારમાં હિંદુ મતોનું ધ્રુવીકરણ કરવામાં શાસક પાર્ટીએ જરુર સફળતા સાંપડી છે. દાદરી ઘટના પછી શરુ થયેલું બીફ રાજકારણ ઠંડું ન પડવું જોઈએ એવી ફૂટનીતિના ભાગરુપે જ આ ખેલ ભજવાયો હોય તોય કોને ખબર! વિકાસના મુદ્દા સામે સરકારની અનેક મોરચે નિષ્ફળતાના દાખલા શોધવા જવા પડે એમ નહોતા. અસહ્ય મોંઘવારી, દાળના આસમાને ચડેલા ભાવ, કાળાં નાણાં મુદ્દે અપાયેલાં આસમાની વચનો પાળવામાં મળેલી સરિયામ નિષ્ફળતા વગેરે બાબતો મોદીના વિકાસ-મુદ્દાને બિનઅસરકારક પુરવાર કરવા પૂરતી ગણાય. આવા 'અચ્છા' દિવસો કરતા પેલા મનમોહનકાળના દિવસો વધારે સારા હતા, એવું ઠસાવવામાં નીતીશ-લાલુ કે રાહુલ ગાંધીને ઝાઝી તકલીફ ન પડે. આવા સંજોગોમાં ભાજપને એના સર્વકાલીન અમોઘ શસ્ત્ર જેવું હિંદુત્વનું હથિયાર જ યાદ આવે તે સ્વાભાવિક છે. બીફના મામલે લાલુ યાદવ અને રઘુવંશ પ્રસાદના બફાટ પછી મોદીએ વિકાસની વાતો બંધ કરી દઈને એ જ મુદ્દો ઉછાળ્યો છે. વળી લાલુનો કાંટો કાઢવા માટે નીતીશ તાંત્રિકોના શરણે ગયા હોવાની વાત પણ ઊછળી. પરંતુ સૌથી વધુ અસરકારક તો અનુસૂચિત જાતિ-જનજાતિ અને ઓબીસીની અનામતમાંથી ૫ ટકા મુસલમાનોને ફાળવવાની વાત ભાજપને ફળી છે. લાલુ-નીતીશનું રાજ આવ્યું તો હે હિંદુ ગરીબો, તમારી અનામતમાંથી એક ટુકડો મુસલમાનોનું રાજ આવ્યું તો સમજી લેજો! - આ જાતની પ્રચારલીલાથી એસટી-એસસી-ઓબીસી મતોનું ધ્રુવીકરણ સવર્ણ હિંદુઓના તરફદાર ગણાતા ભાજપ તરફે થાય તો નીતીશ-લાલુનાં ડોગલાં ડૂલ થયા વગર ન રહે. મોદીએ એસસી-એસસી-ઓબીસી વર્ગોની અનાતમાંથી ચોરી કરવા ઉત્સુક લાલુ-નીતીશને પડકાર્યા છે અને ગરીબોની અનામતના રક્ષણ ખાતર જાન હોમી દેવાની તૈયારી દાખવી છે. આખી ચૂંટણી વિકાસના મુદ્દા પરથી ફંટાઈને હિંદુત્વના મુદ્દા પર લડાઈ રહી છે ત્યારે બિહારના મતદારો નરેન્દ્ર વાણીથી કેટલા ભોળવાય છે, એ તો ચૂંટણીનાં પરિણામો જ બતાવી શકશે. અત્યારે તો આ મુદ્દે મહાગઠબંધનના નેતાઓને એમણે વિસામણમાં મૂકી જ દીધા છે.

## યે દોસ્તી હમ નહીં તોડેંગે... તોડેંગે દમ મગર તેરા સાથ ના છોડેંગે!

# જે મૈત્રીનો અંત આવી શકે તે મૈત્રી શરૂ જ થઈ નથી !!




સંપત્તિ મિત્રો મેળવી આપે છે અને વિપત્તિ મિત્રોની પરીક્ષા કરે છે. સંસ્કૃતમાં આવા અનેક સુભાષિતો છે અને દરેક ભાષામાં મૈત્રી વિશે કોઈને કોઈ ઉક્તિઓ મળી આવે છે. આજે ધંધાદારી મૈત્રીઓની બોલબાલા છે પણ માત્ર બે વ્યક્તિઓ વચ્ચેની દોસ્તી એટલી વ્યાપક જોવા મળતી નથી. કોઈ કોઈ તો વળી કહે છે દોસ્તી હતી જૂના જમાનામાં - આજના જમાનામાં વળી દોસ્તીને કોણ પીછાને છે? પણ આજના જમાનામાં પણ કયાંક ને કયાંક બે સારા મિત્રોની જોડી જરુર જોવા મળે છે. દોસ્તોની જોડી આંખ ઠારે છે.

ખભે માથું મૂકીને બે આંસુ સારી શકો ને શાતા મેળવી શકો તો તમે નસીબદાર છો અને ચોક્કસ માનજો કે એ વિશ્વાસપાત્ર ખભો તમારા મિત્રનો જ હશે. જેના જીવનમાં બે સાચા મિત્રો નથી તે ધનકુબેર હોવા છતાં ગરીબ છે. મિત્રો બનાવવા એ કહેવા પૂરતું સારું લાગે, સાચું પૂછો તો મિત્રો બનાવવાના નથી હોતા મિત્રો બની જતાં હોય છે. કોઈકના મિત્ર થવું, કોઈકને પોતીકા લાગવું, કોઈક આપણને નજીકના ગણે અને આપણો ખભો કોઈકને શાતા આપી શકે તો જાણજો કે તમે વિશ્વની સફળ વ્યક્તિઓમાંની એક વ્યક્તિ છો.

દુનિયાભરના સાહિત્યમાં મૈત્રી વિશે ઘણું બધું લખાયું છે. કોઈકે તેને 'ઉચ્ચ આત્મીય સંબંધ' તરીકે ઓળખાવી છે. તો કોઈએ તેને 'બે આત્માના લગ્ન' તરીકે ઓળખાવી છે. ફ્રેન્ચ સાહિત્યકાર વોલ્ટેર મૈત્રીને બે આત્માના લગ્ન કહે છે. પણ તેમાં 'છૂટાછેડા' ની શક્યતાને પણ સ્વીકારે છે. ઈસ્વીસન સંવત પૂર્વેના પ્રથમ સૈકાના પુબ્લીલીયસ સાઈરસે તેથી ઊલટું વિધાન કર્યું છે. એ કહે છે કે 'જે મૈત્રીનો અંત આવી શકે તે મૈત્રી શરુ જ થઈ ના કહેવાય.'

અમેરિકાના મહાત્મા એમર્સન કહે છે કે 'જેમ સદ્ગુણોનો બદલો - લાભ સદ્ગુણો પોતે જ છે.' તેમ મિત્ર મેળવવાનો એક માત્ર માર્ગ પોતે જ કોઈકના મિત્ર બનવું તે છે. એમર્સન કહે છે 'હું જે વહેવાર મારાં પુસ્તકો સાથે રાખું છું તે જ વલણ મિત્રો અંગે રાખું છું. તેમને હાથવગા રાખું છું પણ તેમનો ઉપયોગ ભાગ્યે જ કરું છું!'

ત્રણ P નો ઉપયોગ આજે મિત્રતામાં થાય છે. **P For Profit** ફાયદા માટે મિત્રતા, **P For Pleasure** આનંદ માટે મિત્રતા, **P For Principle** સિદ્ધાંત માટે મિત્રતા આ ત્રણેયમાંથી એક પણ મેળવવામાં સફળ ના થઈ શકીએ ત્યારે મિત્રતા તૂટતી જોવા મળે છે.

સામાન્ય માણસને પૂછીએ તો એ કહેશે કે મૂશ્કેલીમાં મદદ કરે, આપણી પડખે ઊભો રહે તે સાચો મિત્ર! પણ આ વ્યાખ્યા સાચી અને સારી હોવા છતાં જીવનમાં એવું બને છે કે એક માણસ પોતાના મિત્રને તેની મુશ્કેલીની ઘડીએ મદદ કરી શકતો નથી. તેની સચ્ચાઈમાં કાંઈ કમી નથી હોતી પણ સંજોગો જ તેને લાચાર બનાવી દે છે. કોઈ કહી શકે કે મુશ્કેલીમાં મિત્ર મદદરુપ બની શકે તેમ ના હોય તેથી તેની સાથેની મૈત્રી મોળી પડવી જોઈએ નહિ.

મિત્રતાથી કોઈ લાભ થાય કે ન થાય, કોઈવાર હાનિ પણ થાય પણ સાચી મૈત્રીને લાભ-નુકશાનના ત્રાજવે તોળવી ન જોઈએ. ફિલસૂફ એરિસ્ટોટલની વાત સાચી છે કે એમ ખરો મિત્ર હોવો એ એક વધારાની પૂરક જિંદગી પ્રાપ્ત કરવા બરોબર છે. મિત્રની હસ્તી માત્ર, આપણી પોતાની હસ્તીનો આનંદ ખૂબ વધારે છે!

ચીનની એક જૂની કહેવત છે - 'માણસો વચ્ચે દોસ્તી હોય ત્યારે સાદું પાણી પર મીઠું લાગે!' ચીનની બીતી કહેવત એવી છે કે 'મિત્રોની મિલન મુલાકાતમાં મઝા, પણ સાથે રહેવું પડે તો તકલીફ!!' આવી દરેક જૂની કહેવતમાં એક તથ્ય હોયછે. મોરક્કોની એક કહેવત એવી છે કે ''તમારા સાચા મિત્રો એ જ જે તમને જેલખાનામાં કે દવાખાનામાં વિના સંકોચ મળવા આવે.'' ઘણા બધા માણસોની દોસ્તીમાં કડવાં અનુભવો પણ થાય છે. ઘણાંને મીઠાં અનુભવો પણ થાય છે. માણસ સારાં કે માઠાં અનુભવોને આધારે પોતાનો મત બાંધે છે. અંગ્રેજ લેખક હેલઝીટ કહે છે કે મિત્રો - આપણા મિત્રો આપણા માટે બધું જ કરવા તૈયાર હોય છે. સિવાય કે આપણે તેમને સોંપેલું કામ! અમેરિકન હાસ્ય લેખક માર્ક ટ્વેઈને મજાકમાં કહ્યું છે કે ''સાચા મિત્ર એ કે જે આપણે ખોટા હોઈએ ત્યારે પણ આપણો પક્ષ લે ! બાકી આપણે સાચા હોઈએ ત્યારે તો કોઈ પણ માણસ આપણો પક્ષ લેવાનો !!!''

મિત્રો જૂના સારા કે નવા મિત્રો સારા? ગોલ્ડસ્મીથે એવું કહ્યું છે કે 'મને તો બધું જૂનું જ ગમે છે, જૂના મિત્રો, જૂનો સમય, જૂની રીતભાતો, જૂનાં પુસ્તકો અને જૂનો શરાબ !' જોન સેલ્ડને કહ્યું છે કે ''જૂના મિત્રો જ શ્રેષ્ઠ.'' રાજા જેમ્સ હંમેશાં જૂના જોડાં જ પસંદ કરતાં પગને તે બહુ માફક આવે છે. માણસ દોસ્તીનો વિચાર આદિકાળથી કરતો આવ્યો છે. કિશોર કાળમાં તેને સાચી મૈત્રીનો પ્રથમ આસ્વાદ મળ્યો હોય છે. સુદામા ભગવાન કૃષ્ણ સાથેની બાળપણની મૈત્રી સંભાળે છે.

શ્રી પન્નાલાલ પટેલે પોતાના એક પુસ્તકના અર્પણમાં વાપરેલા શબ્દોનો ઉપયોગ કરીને કહીએ તો એમ કહી શકાય કે હારેલાં થાકેલાં આપણે જેને ઘેર જઈને રાહતનો દમ લઈ શકીએ તે સાચો મિત્ર! સાચો મિત્ર એ જે દુઃખમાં આશ્વાસન આપે અને આપણા સુખમાં આપણી ઈર્ષા ન કરે!

**મિસરી :** જે વ્યક્તિ ગુસ્સે થઈ નથી શકતી એ મૂરખ છે અને જે વ્યક્તિ ગુસ્સે થતી નથી એ ડાહી છે...!!

(sms - આફતાબ દુરાની, મોડાસા)

# સરદાર જયંતીએ સંસ્મરણો ગાંધી-સરદારના

સન્ ૧૯૧૫માં એપ્રિલમાં મોહનદાસ કરમચંદ ગાંધી દક્ષિણ આફ્રિકામાં વીસ વરસ ગાળ્યા પછી અમદાવાદ આવ્યા હતા. વલ્લભભાઈ પટેલ કરતાં છ વરસ મોટા આ મહાનુભાવને જયારે ભારતમાં પગ મૂક્યાના એક જ મહિનામાં 'મહાત્મા'નું બિરુદ મળ્યું ત્યારે વલ્લભભાઈએ ટીકા કરેલી કે ''આપણે ત્યાં મહાત્માઓ બેસુમાર છે!''



પણ આવી ટીકા કરનાર બેરિસ્ટર સરદાર પટેલને મહાત્મા ગાંધીનો સીધો પરિચય ૧૯૧૬ના ઑકટોબર મહિનામાં બન્યો. લોકોની મુશ્કેલીઓ અને ફરિયાદો સરકાર સમક્ષ રજૂ કરવાના 'ગુજરાત સભા' ની સ્થાપના થઈ હતી. ગુજરાત સભાએ મુંબઈ પ્રાંતની રાજકીય પરિષદનું યજમાન પદ સ્વીકાર્યું હતું. અમદાવાદમાં મળેલી આ પરિષદમાં વલ્લભભાઈએ હાજરી આપી. ગાંધીજી આગેવાનોમાં અગ્રસ્થાન ધરાવતા હતા તે જાણીને તેમને રંજમિશ્રિત આશ્ચર્ય પણ થયું પરંતુ ગાંધીજીએ જે ઠરાવ રજૂ કર્યો તેમાં ગાંધીનાં અવાજ અને ભાષામાં રહેલી ગંભીરતા સરદારને સ્પર્શી ગઈ. અને ગાંધીના શિક્ષિતોએ ચક્કી પિસવી જોઈએ અને સંડાસો સાફ કરવા જોઈએ તેવા વિચારોને 'તેજસ્વી વિચારો' ગણાવી વ્યંગબાણો છોડીને હસાવતાં છતાં ગાંધીની સૌમ્ય અને તર્કયુક્ત સરળ રજૂઆત સરદારના માનસપટ પર છવાઈ ગઈ. વકીલાતમાં સાથે રહેલા મિત્રોની 'પણ ઉપરછલ્લી મજાકમશ્કરી કરવા છતાં કબલમાં બેસીને લોકસેવા થઈ શકે નહીં -' એવી દલીલો પણ ગાંધી તરફના ખેંચાણાં નિમિત્ત બન્યા. ચંપારણ સત્યાગ્રહમાં અંગ્રેજ સરકાર સામે જંગે ચડવા પહોંચેલા ગાંધીજીને જયારે ચંપારણ છોડી જવાનો જિલ્લા મેજિસ્ટ્રેટે હુકમ કર્યો ત્યારે આ હુકમ માનવાનો ઈન્કાર કરતાં ગાંધીજીએ જણાવ્યું કે 'આ જિલ્લો છોડી જવાનું મારે માટે શક્ય નથી. અનાદર કરવાનો દંડ ભોગવવાની મારી તૈયારી છે. કારણ કે આત્માના અવાજ જેવા માનવ જીવનના વધારે ઊંચા કાયદાનું મારે પાલન કરવાનું છે.' સરદાર વલ્લભભાઈ પટેલ પર આ જવાબે જબર અસર કરી. અને પછી ૧૯૧૭ની ઑકટોબર મહિનામાં મળેલી 'ગુજરાત સભા'માં મળેલી મીટીંગ પછી ગાંધી માટે તિરસ્કાર અને તુચ્છકાર વલ્લભભાઈમાંથી નાબૂદ થયો અને ગાંધી અને સરદારની એકબીજાને જોડે જકડી લેનાર સાંકળની પહેલી કડીનું ઘડતર થયું. આ કડી સરદારે જીવંતપર્યંત જાળવી રાખી. એકાદ મહિના પછી સન ૧૯૧૭ના નવેમ્બરની શરુઆતમાં ગુજરાત રાજકીય પરિષદમાં ગાંધીજીને પહેલી જ વખત તેઓ મળ્યા. આ સભામાં ગાંધીજીએ અંગ્રેજીમાં નહીં પરંતુ ભારતીય ભાષાઓમાં પ્રવચન કરવા કહ્યું. જે મુજબ ટીળકે મરાઠીમાં, વિઠ્ઠલભાઈ ગુજરાતીમાં બોલ્યા અને મહંમદ અલી જિન્નાહે પણ ગુજરાતીમાં ભાષણ આપ્યું. આ ઉલ્લેખ એટલા માટે કરવો રહ્યો કે ગોધરામાં મલેલી એ બેઠકનો ૨૭ વર્ષ પછી ઉલ્લેખ કરતાં મહાત્મા ગાંધીએ નોંધ્યું છે કે 'જિન્નાહ સાહેબને અંગ્રેજી છોડીને ગુજરાતમાં બોલવાની વિનંતી કરી તે દિવસથી જિન્નાહ સાહેબ મને ધિક્કારતા થયા છે.' ગાંધીજીનું જો આ વિશ્લેષણ જોઈએ તો જે દિવસે જિન્નાહને ગુમાવ્યા તે જ દિવસે ગાંધીએ સરદારને મેળવ્યા એમ કહી શકાય.

પછી તો સરદાર સાહેબે દેશને અને ગાંધીને સ્વરાજની લડતમાં જયારે જરુર હોય અને જેવી જરૂરીયાત એ મુજબ ટેકો આપ્યો. ૧૯૨૪માં ગાંધીજીએ સરદારને કારોબારીમાંથી પડતા મૂક્યા ત્યારે ખાદી, દારૂબંધી, વેઠપ્રથા, અસ્પૃશ્યતા નિવારણના કામો ગુજરાત પ્રાંતિક સમિતિના પ્રમુખ તરીકે રચનાત્મક કામો ઉપાડ્યા. ગાંધીજીના કહેણ અનુસાર સમાજ સેવાનું કામ કરવા માટે વલ્લભભાઈમાંથી પ્રેરણા આપી હતી.

ગાંધી અને ગાંધીના વિચાર સાથે જોડાયા પછી સરદારે કયારેય તેમના માનેલા 'સરદાર' મહાત્મા ગાંધીના વિચાર કે વાતને ઉથાપ્યા ન હતા. પોતાને ચોથ નંબરનો પુત્ર સ્વરાજની લડતમાં ગાંધી સાથે જોડાયો છે તે જોતાં ૭૪ વર્ષની ઉંમરે પહોંચેલા વલ્લભભાઈના માતાએ પણ ખાદી કાંતતા અને ખાદી પહેરતા શીખી લીધું હતું. લાડબાએ પછી આજીવન ખાદી અને કાંતણને છોડ્યું ન હતું.

સન્ ૧૯૨૪માં બોરસદ લડતનો વિજય થયો એ સમયે પૂનાની ડેવિડ સાસૂન ઈસ્પિતાલમાં ગાંધીજીનું એપેન્ડિકસનું ઓપરેશન થયું હતું. ત્યાં ગાંધી - સરદારનું મિલન થયું હતું. મહાદેવભાઈ દેસાઈએ આ મિલન નોંધ્યું છે : (બાપુ) ઘણા નબળા પડી ગયા હતા. પણ અમને જોયા ત્યારે વલ્લભભાઈને સામે જોઈને 'આવો, બોરસદના 'રાજા' કહીને મુક્ત રીતે હસી પડ્યા હતા. વલ્લભભાઈનો વાંસો થાબડતા મહાત્માજીએ કહ્યું કે 'બોરસદમાં તમે ભારે પરાક્રમ કરી બતાવ્યું.'




ગાંધીજીના શબ્દની ઉપેક્ષા કરનાર કોંગ્રેસીઓની સંખ્યા ઘણી મોટી હતી. એક અંગ્રેજના ખૂનને વખોડી કાઢનાર ઠરાવ એક વખત ગાંધીજીએ રજૂ કર્યો ત્યારે ચિત્તરંજનદાસ સહીત ઘણાએ એ ઠરાવને તોડી પાડ્યો. પણ વલ્લભભાઈ ગાંધીજીની પડખે પૂરી વફાદારીથી રહ્યા. ગુજરાત પ્રાંતિક સમિતિના અધ્યક્ષ તરીકે તેઓ જયારે હતા ત્યારે યજમાન તરીકે વ્યવસ્થા સંભાળ અર્થે તેમને મીટીંગમાંથી બહાર જવું પડતું હતું. પણ જયારે સરદાર પટેલ બેઠકમાં હાજર થાય ત્યારે મત આપવાનો થાય તો 'હું ગાંધીજીને ટેકો આપું છું.' તેવું જાહેર કરતા.

સરસ ફેશનદાર કપડામાં સજ્જ અને માથા પર ફેલ્ટ હૅટ જરા બાંકી છટાથી પહેરતા, વર્તનમાં અતડા અને કડક વલ્લભભાઈ - એક સમયે ગાંધીને 'તેજસ્વી' વિચારક અને 'ચક્રમ' તરીકે હાંસીપાત્ર તરીકે મશ્કરી કરતા આ હોંશિયાર બહુ થોડા સમયમાં ગાંધીના 'અંધ અનુયાયી' પણ કહેવાયા.

૧૯૧૬ના ઉનાળામાં ગુજરાત કબલમાં ગાંધી જયારે ભાષણ કરવા

## જે દિવસે મહાત્મા ગાંધીએ જિન્નાહને ગુમાવ્યા તે જ દિવસે મહાત્માએ સરદાર પટેલને મેળવ્યા

આવ્યા ત્યારે સાથી વકીલ ગણેશ વાસુદેવ માવળંકર સહીતના મિત્રો તેમને સાંભળવા જતા હતા તે સરદારને ગમ્યું નહીં. માળવંકરને તેમણે પૂછ્યું કેમ ઊભા થયા? જવાબ મળ્યો : જુઓ, ગાંધી આવ્યા છે ત્યારે સરદાર સાહેબે કહ્યું હતું, 'એમાં શું થઈ ગયું? અમારી (બ્રિજ) રમત જોશો તો તેમાં તમને વધારે જાણવાનું મળશે. ગાંધી શું કહેવાના છે તે હું તમને કહી શકું. તમને ઘઉંમાંથી કાંકરા વીણતાં આવડે છે કે નહીં, તેવું ગાંધી તમને પૂછશે અને આ પ્રવૃત્તિથી આઝાદી મળી જાય તેવું ઠરાવશે.'

(સંદર્ભ : હિંદ કે સરદાર, લેખક : રાવજીભાઈ પટેલ, પૃષ્ઠ : ૩૩)

એકબીજા વચ્ચે સ્પષ્ટ મતભેદો છતાં ચોખ્ખા સંવાદના કારણે સરદાર અને ગાંધીજી વચ્ચે ઉષ્મામાં કોઈ ફેરફાર થયો નહીં. વલ્લભભાઈ પોતાનો સ્નેહ કદી બોલાવતાં નહીં, પણ આખા દિવસમાં તેમના અનેક કામો અને તેમણે આપેલા ઠપકામાંથી તેમનો ગાંધી સ્નેહ પ્રગટ થઈ જતો. કોઈ વખત કોઈ બાબતે ગાંધીજીએ કહ્યું કે, 'હું મરવા પડ્યો હોઉં ત્યારે પણ મારો સંદેશો આવો જ હશે.' સરદારે તેમને ઠપકો આપ્યો, તમે અમને અહીં

**અનુસંધાન પાના નં. ૫ પર**


# ચાલને ભેરૂ હવે તો હેતે હળી-મળી, ઊંચ-નીચ છોડી એકમેકમાં ભળીએ ! માનવતાની અખંડ મશાલ પ્રજાળી, મોંઘા-મૂલો આ મનખાદેહ ઉજાળીએ!

**ગાંધીનગર સાહિત્ય સભાનું ગૌરવ!**

લોકભારતી સણોસરા દ્વારા આયોજિત 'મહાન વ્યક્તિ - મહાન કૃતિ' શિર્ષક તળે યોજાતી વ્યાખ્યાન માળામાં, મનુભાઈ પંચોળી 'દર્શક'ની નવલકથા 'દીપ નિર્માણ' પર વકતવ્ય આપવા માટે ગાંધીનગર સાહિત્ય સભાના કારોબારી સભ્ય, નગરના વિદ્વાન વાચક, વક્તા અને કટાર લેખક મનોજ શુક્લને બીજી વખત આમંત્રણ મળ્યું છે, જે ગાંધીનગર સાહિત્ય સભા અને નગર માટે ગૌરવપૂર્ણ બાબત છે.

તેઓએ આકાશવાણી, રાજકોટના 'આ માસના ગીત આસ્વાદ શિર્ષક હેઠળના કવિતા રસાસ્વાદના કાર્યક્રમ અંતર્ગત, કવિ વિમલ અગ્રવાલની કવિતાનું રસદર્શન કરાવ્યું હતું, જે તા. ૨, ૯, ૧૬, ૨૩, ૩૦ ઑકટો. ના રોજ પ્રસારિત થયું હતું. દૂરદર્શન રાજકોટ દ્વારા 'સૌથી અલગ, સૌમાં અલગ' શિર્ષક હેઠળ મનોજ શુક્લના જીવન, કવનને લગતી બાબતો વણી લેતી પ્રશ્નોતરી ૨૦મી ઓકટોબરના રોજ પ્રસારિત થઈ હતી.'

ગાંધીનગર સાહિત્ય સભા પરિવાર તરફથી મનોજ શુક્લને અંતરના ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓનો દધિ છલકતો રસથાળ સાદર.




**સાહિત્યવૃત્ત સંચય**

જનજાગૃતિ અભિયાન વડોદરા દ્વારા લેખકો અને સંશોધકોમાં સ્વાતંત્ર્ય સંગ્રામ વિષયક કામોમાં રૂચિ અને નિસ્બત જાગે તથા તેવા લેખકોને સન્માન અને પ્રોત્સાહન મળે અને નવી પેઢીમાં સાચી દેશપ્રેમની ભાવના પ્રગટે તે હેતુસર 'સ્વાતંત્ર્યસેનાની રસિકભાઈ આઝાદ પુરસ્કાર રૂા. ૭૫૦૦/- અંતર્ગત; સને ૨૦૧૦ની ૨૦૧૫ દરમિયાન પ્રગટ થયેલ ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામ વિષયક, સ્વાતંત્ર્ય સેનાનીના જીવન - કાર્યવિષયક સંશોધનાત્મક કે સર્જનાત્મક (નવલકથા કે નાટક) કૃતિઓની બે નકલો તા. ૧૫ નવેમ્બર, ૨૦૧૫ સુધીમાં 'ઉપાસના', ૩૧ , રાજસ્થંભ સોસાસટી, પોલોગ્રાઉન્ડ પાસે, વડોદરા - ૩૯૦૦૦૧ ને મોકલી આપવા જણાવ્યું છે.

ગુજરાત પુસ્તકાલય પ્રેરિત 'સાહિત્યસૃષ્ટિ'ના ઉપક્રમે યોજાતા જાહેર વાર્તાલાપોની શ્રેણીમાં અભ્યાસી વક્તા અને લેખિકા - શ્વેતા જોશીએ 'ગંગા સતીનું આધ્યાત્મ દર્શન' વિષય પર વકતવ્ય આપી, જીવનના સાધનાપથ, યોગ અને નાડીતંત્ર તથા આત્માની ઓળખ વિગેરે બાબતોએ સવિસ્તાર સમજૂતી આપી હતી.

● ઓમ કોમ્યુનિકેશન અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે સાહિત્યકાર ચંદ્રકાન્ત કેશવલાલ બક્ષીના ૮૪માં જન્મદિને પ્રસંગે, 'કથા સ્વામી' ચંદ્રકાન્ત બક્ષી ભાવાંજલિ વ્યાખ્યાન, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ ખાતે યોજાઈ ગયું. 'કથા સ્વામી' ચંદ્રકાન્ત બક્ષી વિષે સાહિત્યકાર સુમન શાહે વકતવ્ય આપ્યું. અને કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ મનીષ પાઠક 'શ્વેત' એ કર્યા હતા. આ પ્રસંગે ચંદ્રકાન્ત બક્ષીના નાનાભાઈ બકુલ બક્ષીની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

● ગુજરાતી સાહિત્યના જાણીતા વાર્તાકાર પ્રવિણસિંહ ચાવડાની નવલકથા 'જગુભાઈનો પુનર્જન્મ'નો અંગ્રેજી અનુવાદ **'Hon'ble Minister Jagubhai'** ના શિર્ષકથી મીરા દેસાઈએ કર્યો છે. જેનું પ્રકાશન **'Harper Perannial'** કંપનીએ કર્યું છે.

● ગુજરાતી સાહિત્યના પ્રસિદ્ધ વાર્તાકાર ઈલા આરબ મહેતાની નવલકથા 'વાડ'નો અંગ્રેજી અનુવાદ જાણીતાં અનુવાદક રીટા કોઠારીએ **'Fence'** ના શિર્ષકથી કર્યો છે. જે **'Zubaan Publication'** દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યો છે.

● ઓમ કોમ્યુનિકેશન અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે નગીનદાસ નારણદાસ પારેખ 'ગ્રંથકીટ'ના ૧૧૩મા જન્મદિન નિમિત્તે 'સ્વાધ્યાયધર્મી સાહિત્યકાર - નગીનદાસ પારેખ' અન્વયે વ્યાખ્યાન યોજાઈ ગયું; જયારે તેઓની અક્ષરસેવાનો પરિચય દૃષ્ટિ પટેલે કરાવ્યો હતો. તેઓના વિવેચનકાર્ય વિશે વિજય પંડ્યાએ અને અનુવાદકાર્ય વિશે હસિત મહેતાએ વકતવ્ય આપ્યાં હતા. સાહિત્યકાર રઘુવીર ચૌધરી, સાહિત્યકાર અને ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહા અને નાટ્યલેખક સતીષની હાજરી ઉપરાંત નગીનદાસના પુત્ર નિરંજન પારેખ અને પરિવારની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

● ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના ઉપક્રમે ભંદ્રકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાન શ્રેણી અંતર્ગત જાણીતા લેખક અને નવલકથાકાર ડૉ.કેશુભાઈ દેસાઈનું 'ઉત્તર ગુજરાતના સંતોનો સામાજિક પ્રભાવ વિશેનું વ્યાખ્યાન તાજેતરમાં વિશ્વકોશનાં ભવનમાં યોજાઈ ગયું. જેમાં ડૉ. કેશુભાઈ દેસાઈનું સન્માન કરી, તેઓનો પરિચય ટ્રસ્ટી કુમારપાળ દેસાઈએ આપ્યો. આ કાર્યક્રમમાં, ચંદ્રકાન્ત શેઠ લિખિત વિશ્વ કોશગાન, ડૉ. અલ્પા શાહ દ્વારા અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રીતિ શાહ દ્વારા કરવામાં આવ્યું હતું.

● ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટમાં નવલકથાકાર ચુનીલાલ મડિયાની ૯૩મી જન્મજયંતિની પૂર્વ સંધ્યાએ, વિશ્વકોશ ભવનમાં સાહિત્ય કાર્યક્રમ યોજાઈ ગયો જેમાં, વિશ્વકોશની પ્રવૃત્તિઓનો ચિતાર ટ્રસ્ટી કુમારપાળ દેસાઈએ આપ્યો. ચુનીલાલ મડિયાની નવલકથા 'પાવકજવાળા' પરથી નિર્માણ થયેલી ટેલીફિલ્મ વિશે મડિયાના સુપુત્ર અને જાણીતા ચિત્રકાર અમિતાભ મડિયાએ વાત કરી. આ નવલકથાના આધારે ડાયરેકટર શૈલેષ પ્રજાપતિએ ૧૯૯૭માં આ ટેલીફિલ્મ તૈયાર કરી હતી. જેમાં રાજુ બારોટ, દિપ્તી જોશી, જય રૂપારેલ વિગેરેએ ભૂમિકા ભજવી હતી, જે ફિલ્મ કલાકારોએ પણ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

**દધિ મુક્તક**

ચાલને ભેરૂ હવે તો હેતે હળી-મળી,
ઊંચ-નીચ છોડી એકમેકમાં ભળીએ !
માનવતાની અખંડ મશાલ પ્રજાળી,
મોંઘા-મૂલો આ મનખાદેહ ઉજાળીએ!

**હાઈકું**

| | | |
|---|---|---|
| પ્રેમી મિલને | ફૂલો ફોરે છે | વૃક્ષો કપાયે, |
| જ્ઞાતિની ભારે ભૂંડી | પરિમલ મધુર, | વાયુ પ્રદૂષણ એ |
| ફાચર નડે! | ડંખે કંટકો! | મોટું દૂષણ! |

- muljibhaidadhi@gmail.com